Extra No. 97

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, AUGUST 13, 2026 / SRAVANA 22, 1948

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા

જાહેરનામું

ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૬

નં. કપવ/પદચ/ભડુલા ગ્રામ પંચાયત/૬૧/૨૦૨૬:- સબબ કે, વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના અભિપ્રાય મુજબ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાની ભડુલા ગ્રામ પંચાયતે વર્ષ ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ મુજબ તેની ઉપર નાંખવામાં આવેલી ફરજો બજાવવામાં દુરાગ્રહપૂર્વક કસૂર કરેલ છે.

અને સબબ કે, ઉક્ત અધિનિયમની કલમ-૨૫૩ અન્વયે તેની સામે પગલાં શા માટે ન લેવા તે અંગે ઉક્ત ગ્રામ પંચાયતને ખુલાસો રજૂ કરવાની તક આપવામાં આવેલ હતી.

અને સબબ કે, ઉક્ત ગ્રામ પંચાયતે આ અંગે કોઈ સંતોષકારક ખુલાસો રજૂ કરેલ નથી.

અને સબબ કે, ગ્રામ પંચાયતને કલમ-૨૫૩ અન્વયે આપવામાં આવેલ નોટિસ અન્વયે જિલ્લા પંચાયત, જૂનાગઢ એ સદરહું ગ્રામ પંચાયતને વિસર્જન કરવા ભલામણ કરેલ છે.

હું ગુણદોષ તપાસી એવા તારણ ઉપર આવ્યો છું કે, ઉક્ત ગ્રામ પંચાયત વહીવટ કરવાને અસમર્થ છે. તેથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૫૩ની પેટા કલમ-૧ અન્વયેની સત્તાઓ જે સરકારશ્રીના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૧/ઓફ/૧૯૯૪/ડીઈએલ/૧૦૯૪/૧૨૪૬/જે, તા.૨૬/૦૭/૧૯૯૪થી વિકાસ કમિશનરને સુપ્રત કરવામાં આવી છે, તેની રૂએ હું ડી.એન.મોદી, આઈ.એ.એસ. વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ભુડુલા ગ્રામ પંચાયતનું વિસર્જન કરૂં છું. તેમજ આ અંગે વિગતવાર છણાવટ કરતો અલગ આદેશ કરવામાં આવે છે.

ડી. એન. મોદી, IAS,

વિકાસ કમિશનર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.08.18 09:07:10 IST